ક્રમાંક : જીટીયુ/પરિપત્ર/૨૦૧૦/૭૩૧૫
**ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી**
અમદાવાદ.
**Date : 04/12/2010**

## પરિપત્ર :

ભારત સરકારના ચૂંટણી પંચ દ્વારા ગુજરાત રાજ્યની ૧૮૨ વિધાનસભા મતદાર વિભાગની મતદાર યાદીઓ તા. ૧-૧-૨૦૧૧ ના રોજની સ્થિતીએ સુધારવા રાજ્ય ચૂંટણી પંચને જણાવેલ છે. જે સંદર્ભે ગુજરાત રાજ્યના ચૂંટણી પંચ દ્વારા સંબંધિત જિલ્લાના કલેક્ટરશ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી મારફત જે વિદ્યાર્થીઓની ઉંમર તા. ૧-૧-૨૦૧૧ ની સ્થિતીએ ૧૮ વર્ષ કે તેથી વધુ હોય તે વિદ્યાર્થીઓના નામ મતદારયાદીમાં નોંધાવી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ કામગીરી માટે સંસ્થા કક્ષાએ એક કર્મચારીની નિમણૂક પદનામિત અધિકારી તરીકે કરવાની રહેશે અને આ કર્મચારીની મદદમાં ચાર થી પાંચ વિદ્યાર્થીઓને સ્વયંસેવક તરીકે નિમવાના રહેશે. જેની જાણ સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને કરવાની રહેશે. જેથી તેઓ દ્વારા પદનામિત અધિકારીને મતદાર યાદીમાં નામ નોંધવા અંગેની જરૂરી તાલીમ તથા જરૂરી સાહિત્ય પૂરુ પાડવામાં આવશે.

આપની હસ્તકની સંસ્થાનાં તમામ લાયક વિદ્યાર્થીઓના નામ મતદારયાદીમાં નોંધાય તે માટેની કલેક્ટરશ્રી અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા જે વ્યવસ્થા કરવામાં આવે તેને આપની સંસ્થા તરફથી પૂરતો સહકાર મળી રહે તે માટે આપના સ્તરેથી સંબંધિતોને જરૂરી સૂચના આપવા વિનંતી છે. મજબૂત લોકશાહી માટે ઉપરોક્ત પગલું ખૂબ જ મદદગાર હોઈ, આથી દરેક સંલગ્ન કોલેજોને ઉત્સાહપૂર્વક સરકારશ્રી દ્વારા લેવામાં આવી રહેલ પગલાં માટે વેગવંત ટેકો આપશો.

આ સાથે રાજ્ય ચૂંટણી પંચના અ.સ. પત્ર ક્રમાંક : : ઈએલઆર-૧૪૧૦-૪૩૩(૨)-છ તા. ૧૫-૧૧-૨૦૧૦ ની નકલ જાણ સારૂ સામેલ છે. અત્રે જી.ટી.યુ. ખાતેના કો-ઓર્ડિનેટર **શ્રી પંકજકુમાર શર્મા** છે. તેમનો ઈ-મેઈલ : **pankajsharma@gtucolleges.in** છે.

**S/d**
**ઈ/ચા રજિસ્ટ્રાર**

પ્રતિ
આચાર્યશ્રી, તમામ સંલગ્ન કોલેજો